# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૨૦-૦૫-૨૦૨૪ સોમવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## નિશુલ્ક યોગ સમર કેમ્પ:

**ગુજરાત રાજ્ય યોગ બૉર્ડ આજથી 29 મે દરમિયાન ઓછામાં ઓછા સો બાળક સાથે સમગ્ર રાજ્યમાં 200 જેટલા સ્થળો પર સાતથી પંદર વર્ષના બાળકો માટે નિ:શુલ્ક યોગ સમર કેમ્પ યોજવાનું આયોજન કર્યું છે. જેનો હેતુ નાનપણથી જ બાળકોમાં આહારમાં સુધારો આવે, દિનચર્યામાં સુધારો તેમજ સમાજમાં એક આદર્શ બાળક તરીકે તેઓ ઊભરી આવે અને યોગ પ્રત્યે જાગૃત થાય તેવો છે. આજથી શરૂ થયેલા આ યોગ સમર કેમ્પમાં 20 હજારથી વધુ બાળકોએ ભાગ લીધો છે.**

**ઉલ્લેખનીય છે કે, ગુજરાત યોગ બૉર્ડ દ્વારા રાજ્યમાં 200 પૈકી પશ્ચિમ કચ્છમાં પાંચ સ્થળે "સમર યોગ શિબિર"નું આયોજન કરાયું છે. જે મુજબ ભુજમાં પ્રમુખ સ્વામી નગર, વીડી હાઈસ્કૂલ અને ઉમેદનગર પ્રા.શાળા નં. 10 , મુંદરા ખાતે રોટરી હોલ , અને નખત્રાણા તાલુકાના મોટા અંગિયામાં સમાજવાડી ખાતે આ શિબિર યોજાઈ રહી છે.**

**(RNU અમદાવાદ, સ્થાનિક સમાચારપત્ર)**

---

## ગુજરાત ATS-આતંકવાદી ઝડપાયા:

**અમદાવાદ હવાઈમથક પરથી ગુજરાત ATSએ ચાર આતંકવાદી ઝડપી પાડ્યા છે. હવાઈમથક પરથી મૂળ શ્રીલંકન એવા ISISના ચાર આતંકવાદીની ધરપકડ ક રાઈ છે. બાતમીના આધારે આ ચારેય શખ્સને ઝડપી લેવામાં આવ્યા છે. અને આગળની તપાસ હાથ ધરાઈ છે.**

**(RNU અમદાવાદ)**

---

## મતગણતરી કેન્દ્રને ત્રિસ્તરીય સુરક્ષા:

**આગામી ચોથી જુને મતગણતરી હાથ ધરાશે ત્યારે ભુજની સરકારી એન્જિનીયરિંગ કોલેજ ખાતેના મતગણતરી કેન્દ્રને ત્રિસ્તરીય સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે. વિધાનસભા બેઠકવાર હાથ ધરાનારી મતગણતરીનો પ્રારંભ પોસ્ટલ બેલેટના મતોની ગણતરી સાથે થશે. વહીવટી**

તંત્ર દ્વારા સંબંધીત કામગીરીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સવારે આઠ વાગ્યાથી મતગણતરીના વિધિવત પ્રારંભ પૂર્વે આનુષંગિક વહીવટી કામગીરી સવારે પાંચ વાગ્યાથી જ શરૂ કરી દેવાશે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈએ વિગતો આપતાં જણાવ્યું કે , જે સ્ટ્રોંગરૂમમાં ઈવીએમ સીલ છે , તેની બહાર સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સના જવાનો રાઉન્ડ ધી ક્લોક તૈનાત રખા યા છે. બીજા સ્તરમાં આર્મ્ડ પોલીસ દળના જવાનો તો મતગણતરી કેન્દ્રની બહાર સ્થાનિક પોલીસ દ્વારા સુરક્ષાનો મોરચો સંભાળવામાં આવી રહ્યો છે. એક વિધાનસભા મતક્ષેત્ર દીઠ 14 ટેબલ ગોઠવી ગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે. સાત વિધાનસભા બેઠક ઉપરાંત આઠમો હોલ પોસ્ટલ બેલેટના મતોની ગણતરી માટે રખાશે. પોસ્ટલ બેલેટના મતોની ગણતરી 10 ટેબલ પર કરવામાં આવશે.

(પરેશ મારુ)

---

## ઘુડખર વસ્તી ગણતરી:

રાજ્યના વન વિભાગ દ્વારા આવતીકાલથી ઘુડખર વસતી ગણતરીની શરૂઆત કરાશે. કચ્છના નાના અને મોટા રણમાં ઘુડખર અસ્તિત્વ ધરાવે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર અને મોરબી , મધ્ય ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં અને ઉત્તર ગુજરાતમાં પાટણ અને બનાસકાંઠામાં ફેલાયેલા છે.

આવતીકાલથી હાથ ધરાનારી ઘુડખર વસ્તી ગણતરી અંગે આકાશવાણી ભુજ સાથે વાત કરતા ઘુડખર અભયારણ્ય ધાંગધ્રાના નાયબ વનસંરક્ષક ધવલભાઇ ગઢવીએ આ પ્રમાણે જણાવ્યું હતું. (બાઇટ : ધવલ ગઢવી)

(પરેશ મારુ)

---

## લુ લાગવાના કિસ્સમાં વધારો:

જિલ્લાવાસીઓ કેટલાક દિવસોથી આકરા તાપનો સામનો કરી રહ્યા છે. બે દિવસથી ગરમીનો પારો 44 ડિગ્રી પર પહોંચી જતા જનજીવન પર વ્યાપક અસર પડી છે. ગરમીની તીવ્રતા વધવા સાથે જિલ્લામાં હીટ સ્ટ્રોક એટલે કે લૂ લાગવાના કેસોમાં વધારો થતો જોવા મળી રહયો છે. જિલ્લામાં લૂ લાગવાના દૈનિક 100થી વધુ કેસ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં નોંધાઈ રહયા છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ગરમીના તીવ્ર મોજાંની સ્થિતિને ધ્યાને લઈ તમામ આરોગ્ય કેન્દ્રોમાં ઓઆરએસ પાઉડર સાથે અન્ય જરૂરી દવાનો સ્ટોક જાળવી રાખવાની સુચના

આપવામાં આવી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી રવીન્દ્ર ફુલમાલીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, હજુ જિલ્લામાં હીટ સ્ટ્રોકને લઈ કોઈ ગંભીર પ્રકારની સ્થિતિ સર્જાઈ નથી. ત્યારે, સરકારી દવાખાનામાં હિટસ્ટ્રોકના દર્દીઓ માટે તમામ પ્રકારની દવાઓ ઉપલબ્ધ છે.

(પરેશ મારુ)

----------------------------------------------------------------------------